# ખ્રિસ્તી-મુસ્લિમોના કારણે યુદ્ધ : સિંઘલ

નવીદિલ્હી,તા. ૨૧

ધર્મ પરિવર્તનને લઈને દેશભરમાં મચી ગયેલા હોબાળા વચ્ચે વિશ્વ હિન્દુ પરિષદના નેતા અશોક સિંઘલે પણ વિવાદાસ્પદ નિવેદન કરી દીધું છે. અશોક સિંઘલે કહ્યું છે કે, દુનિયામાં ખ્રિસ્તી અને મુસ્લિમોના કારણે યુદ્ધ થાય છે. વિહિપના ધર્માંતરણ કરવાના અભિયાનનો બચાવ કરતા સિંઘલે કહ્યું હતું કે, અમે ધર્મ પરિવર્તન કરાવવા માટે નહીં બલ્કે મન જીતવા માટે નિકળ્યા છે. સિંઘલે એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, મુસ્લિમ અને ખ્રિસ્તી લોકો વિશ્વ યુદ્ધના ખેલાડી છે પરંતુ હિન્દુ આનાથી અલગ છે. સિંઘલે એમ પણ કહ્યું હતું કે, દુનિયામાં એવી સ્થિતિ સર્જાઈ રહી છે કે, વિશ્વ યુદ્ધ ટાળી શકાય તેમ નથી. એવું લાગી રહ્યું છે કે, વિશ્વ યુદ્ધ બિલકુલ સામે છે. હાલના સમયમાં વિશ્વ ઈસ્લામિક આતંકવાદના પડછાયા હેઠળ છે. જો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાજેતરમાં જ પોતાના સાંસદોને ધર્માંતરણ સહિત બીજા મુદ્દાઓ ઉપર વિવાદાસ્પદ નિવેદનથી બચવા માટે કહી ચુક્યા છે. મોદીએ પરોક્ષરીતે હોદ્દો છોડવા માટેની ધમકી આપી છે અને કહ્યું છે કે, તેમને હોદ્દાને લઈને કોઈપણ મોહ રહ્યો નથી. અશોક સિંઘલે નરેન્દ્ર મોદીના નામનો ઉલ્લેખ કર્યા વગર કેન્દ્ર સરકારની પ્રશંસા કરી છે અને કહ્યું છે કે, છેલ્લા કેટલાક સમયથી ધર્મ અને સંસ્કૃતિને ગુલામ જેવી સ્થિતિમાં મુકી દેવામાં આવી હતી પરંતુ હવે સરકાર હિન્દુઓનું રક્ષણ કરનાર સરકાર છે. આ અગાઉ સંઘના પ્રમુખ મોહન ભાગવતે પણ ધર્મ પરિવર્તનને લઈને વાત કરી હતી અને કહ્યું હતું કે, રસ્તો ભુલી ગયેલા લોકોને પરત લાવવામાં આવશે. વિહિપના સંમેલનમાં સંઘ પ્રમુખે ધર્માંતરણનું સમર્થન કર્યું હતું અને કહ્યું હતું કે, જોત જોતામાં હિન્દુ રાષ્ટ્ર બનવાનું સ્વપ્ન પૂર્ણ થઈ જશે. આમા વધારે સમય લાગશે નહીં. ભાગવતે કહ્યું હતું કે, હિન્દુ સમાજ હવે જાગી ગયો છે. કોઈને ડરવાની જરૂર નથી. પત્રકારો સાથે વાતચીત કરતા સિંઘલે આજે એમ પણ કહ્યું હતું કે, હિન્દુત્વનું રક્ષણ કરવા અમે કટિબદ્ધ છે. પુસ્તકના વિમોચન કાર્યક્રમમાં સિંઘલે કહ્યું હતું કે છેલ્લા ૫૦ વર્ષના સંઘર્ષના પરિણામ સ્વરુપે હિન્દુ લોકોએ હવે ૮૦૦ વર્ષના ગાળા બાદ ગુમાવેલી પ્રતિષ્ઠા મેળવી છે. હવે ૮૦૦ વર્ષના ગાળા બાદ અમે કહી શકીએ છીએ કે, સરકાર હિન્દુત્વનું રક્ષણ કરવા કટિબદ્ધ છે. અમારા મુલ્યોનું હવે જતન થશે. હિન્દુ સમાજનું નિર્માણ થશે. ભાજપ સરકારનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, હિન્દુ લોકો હવે સત્તામાં આવ્યા છે. રાજપૂત રાજા પૃથ્વીરાજ ચૌહાણે ૧૨મી સદીમાં હાર ખાધા બાદ તકલીફ ઉભી થઈ હતી. ઓસ્ટ્રેલિયા અને મધ્ય એશિયામાં ઈસ્લામિક આતંકવાદનો ખતરો દેખાઈ રહ્યો છે. યુદ્ધને રોકી શકાય છે પરંતુ દરેક દેશ દિશાહીન છે.



**બળજબરીપૂર્વક ધર્માંતરણને રદિયો આપ્યો**

## મોદી સરકાર વિકાસ એજન્ડા સાથે જ આગળ વધશે : શાહ

કોચી,તા. ૨૧

ધર્માંતરણના સંઘ પરિવારના કેટલાક સંગઠનો દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રયાસોને લઈને છેડાયેલા વિવાદ વચ્ચે ભાજપ પ્રમુખ અમિત શાહે આજે કહ્યું હતું કે, આવા બનાવોથી ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકાર તેના વિકાસના એજન્ડાથી પીછેહઠ કરશે નહીં. મોદીના વિકાસ એજન્ડાને કોઈપણ રોકી શકે તેમ નથી. ચેન્નાઈમાં પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું હતું કે, ભાજપે ધર્માંતરણ મુદ્દે તેનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. વિકાસના એજન્ડાથી ભાજપ પીછેહઠ કરશે નહીં. કેટલાક સંગઠનો દ્વારા હાથ ધરવામાં આવેલા ધર્માંતરણના લીધે મોદી સરકારના વિકાસ એજન્ડાને અસર થશે કે કેમ તે અંગે પૂછવામાં



આવતા તેમણે કહ્યું હતું કે, વિકાસનો એજન્ડો યથાવતરીતે આગળ વધશે. સંઘ એક રાષ્ટ્રીય સંસ્થા છે તેની પ્રવૃત્તિને લઈને અમને કોઈ શંકા નથી. ઘર વાપસી અંગે સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ વિરોધ પક્ષો કરી રહ્યા છે. લોકસભાની અને રાજ્યસભાની કામગીરી પણ ખોરવાઈ ગઈ છે. શહેરની બે દિવસની મુલાકાતે પહોંચેલા અમિત શાહે કહ્યું હતું કે, બળજબરીપૂર્વક ધર્માંતરણના મુદ્દે સરકાર બિલકુલ સ્પષ્ટ છે અને તેમના ઉપર પ્રતિબંધ મુકવા કાયદો લાવવા પણ તૈયાર છે. બળજબરીપૂર્વક અને ફરજિયાત ધર્માંતરણ મુદ્દે ભાજપ સ્પષ્ટ છે. ભાજપના વડાએ કહ્યું હતું કે, અમે કોઈની ટિકા કરતા નથી પરંતુ તમિળનાડુમાં હાલત ખુબ જ કફોડી બનેલી છે. ડીએમકે અને અન્નાદ્રમુકની ખોટી નીતિઓના પરિણામ સ્વરુપે રાજ્ય કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે. વિકાસ પ્રવૃત્તિ અટવાઈ પડી છે.

**મૂડીરોકાણ માટે કેટલાક તૈયાર થયા**

## સ્પાઇસ જેટને ટૂંકમાં નવા માલિકો મળી શકે

નવીદિલ્હી, તા. ૨૧

રોકડ કટોકટીનો સામનો કરી રહેલી સ્પાઇસ જેટ એરલાઇન્સમાં નવા પ્રાણ ફૂંકવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જો ભારતીય અને વિદેશી મૂડીરોકાણકારો ૧૨ કરોડ રૂપિયા રોકવા માટે તૈયાર થશે તો માલિકો પણ બદલવામાં આવી શકે છે. ભારતીય ઉડ્ડયન ઉદ્યોગમાં રિકવરીના સંકેત દેખાઈ રહ્યા છે. પાંચ દિવસ પહેલા જ સ્પાઇસની તમામ ફ્લાઇટો બંધ કરી દેવામાં આવી હતી. સ્પાઇસનું પતન સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. સ્પાઇસ જેટના મુળભુત પ્રમોટરો પૈકીના એક અજય સિંહે કહ્યું છે કે, અન્યોની મદદ લેવાના પ્રયાસ થઇ રહ્યા છે. ચારથી છ સપ્તાહની અંદર સમગ્ર પ્રક્રિયા આગળ વધશે. જો મૂડીરોકાણ થશે તો એરલાઇન્સની માલિકી મિડિયા કલાનીધિ મારનના હાથમાંથી લઇ લેવાશે. મારન કંપનીમાં સન ગ્રુપ સાથે મળીને ૫૩.૪૮ ટકા હિસ્સો ધરાવે છે. સિંહે કહ્યું છે કે, નાગરિક ઉડ્ડયન પ્રધાન રાજુ સાથે ગયા સપ્તાહમાં શ્રેણીબદ્ધ બેઠકો થઇ ચુકી છે. મૂડીરોકાણના મુદ્દે પણ ચર્ચા થઇ છે. સિંહ પોતે હાલ પાંચ ટકા હિસ્સો ધરાવે છે.

## દેશમાં વર્ષ ૨૦૧૪માં દરેક જગ્યાએ રેકોર્ડ ઉંચુ મતદાન

નવીદિલ્હી,તા. ૨૧

વર્ષ ૨૦૧૪માં રેકોર્ડ ઉંચુ મતદાન દરેક રાજ્યમાં થયું છે. ચૂંટણી પંચે પણ આ અંગેની કબૂલાત કરી છે. જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં તાજેતરમાં જ ચૂંટણી માટેની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અહીં પણ ખુબ ઉંચુ મતદાન નોંધાયું છે વર્ષ ૨૦૧૪માં અઢી દશકના ગાળામાં સૌથી ઉંચુ મતદાન નોંધાયું છે. ઝારખંડમાં હજુ સુધી યોજાયેલા મતદાન પૈકી સૌથી ઉંચુ મતદાન થયું છે. ચૂંટણી પંચ માને છે કે, એકંદરે ઉંચુ મતદાન વધુ ઉંચુ જઈ શકે છે. કારણ કે, મતદાનના અંતિમ તબક્કાના આંકડા કામચલાઉ હતા. અંતિમ તબક્કામાં જમ્મુ કાશ્મીરમાં પણ રેકોર્ડ ૭૬ ટકા મતદાન થયું હતું જ્યારે ઝારખંડમાં ૭૧ ટકા મતદાન



થયું હતું. ઝારખંડમાં વર્ષ ૨૦૦૯માં યોજાયેલી ચૂંટણી દરમિયાન ૫૬.૯૬ ટકા મતદાન થયું હતું. જ્યારે જમ્મુ કાશ્મીરમાં વર્ષ ૨૦૦૮ની રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ૬૧.૧૬ ટકા મતદાન થયું હતું. આ વખતે લોકસભાની ચૂંટણીમાં પણ આંકડો ખુબ ઉંચો રહ્યો હતો. નવેસરની જમ્મુ કાશ્મીરની ચૂંટણીને ઐતિહાસિક તરીકે ગણાવીને નાયબ ચૂંટણી કમિશનર ઝુત્સીએ કહ્યું છે કે, અઢી દશકના ગાળામાં સૌથી ઉંચુ મતદાન થયું છે. ઉંચા મતદાન માટે અનેક કારણો જવાબદાર રહ્યા છે. બંને રાજ્યોમાં ચૂંટણી પ્રવાહ ઉપર નજર કરવામાં આવે તો જાણી શકાય છે કે, સ્થિતિમાં ઉલ્લેખનીય ફેરફાર થયો છે. જમ્મુ કાશ્મીરમાં ૨૦૨ની ચૂંટણીમાં ૪૩.૭ ટકા મતદાન થયું હતું જ્યારે ૨૦૦૮માં ૬૧.૧૬ ટકા મતદાન નોંધાયું હતું.



ઈન્ડીયન ફુટબોલ સુપર લીગની ફાઈનલ જીત્યા પછી એથ્લેટિકો-ડી-કોલકાતાની ટીમ તેના સહ મલિકો સૌરવ ગાંગુલી અને સંજીવ ગોયેન્કા સાથે કોલકાતા ખાતે ટ્રોફી સાથે આવી પહોંચી હતી.

## આતંકવાદી સંગઠનો જુદી જુદી રીતે નાણા મેળવે છે

નવીદિલ્હી,તા. ૨૧

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રતિબંધ લાદવામાં આવ્યા હોવા છતાં ભારતમાં અનેક હુમલાઓને અંજામ આપનાર આતંકવાદી સંગઠન લશ્કરે તોઈબા સહિતના ત્રાસવાદી સંગઠનોને પુરતા પ્રમાણમાં નાણા મળી રહ્યા છે. જુદા જુદા સંગઠનો તરફથી તેમને નાણા મળી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રે આતંકવાદીઓને મળી રહેલા નાણાના પુરવઠાને રોકવા માટે તમામ પગલા લેવાની ફરી ખાતરી આપી હોવા છતાં આ પગલા બિનઅસરકારક દેખાઈ રહ્યા છે. ભારતનું કહેવું છે કે, આતંકવાદી સંગઠનોને માદક દ્રવ્યોની હેરફેર, પાયરેસી, ખંડણી માટે અપહરણ, ખંડણી જેવા જુદા જુદા માર્ગોથી એકત્રિત કરવામાં આવી રહેલા ગેરકાયદે નાણા સ્વરુપે જંગી નાણા મળી રહ્યા છે. આતંકવાદી સંગઠનોને પ્રતિબંધની યાદીમાં મુકવામાં આવ્યા છે. પ્રવાસ પ્રતિબંધ મુકવામાં આવ્યા છે. તેમની સંપત્તિ સીલ કરવામાં આવી છે. શસ્ત્ર પ્રતિબંધો મુકાયા છે છતાં તોઈબા સહિતના ત્રાસવાદી સંગઠનો સરળતાથી કામ કરી રહ્યા છે. જુદા જુદા નામથી ત્રાસવાદીઓ સક્રિય છે. સંયુક્તરાષ્ટ્રમાં ભારતના કારોબારી કાયમી પ્રતિનિધિ બાગવંત બિસ્નોઈનું કહેવું છે કે, સરહદ પારથી આતંકવાદ અને અન્ય મુદ્દાઓ ઉપર ચર્ચા ખુબ જરૂરી બની ગઈ છે.લશ્કરે તોઈબા દેખિતીરીતે ખુલ્લી હવામાં નથી પરંતુ તેમને પુરતા પ્રમાણમાં નાણા ચોક્કસપણે મળી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પણ આની નોંધ લેવામાં આવી ચુકી છે. અમેરિકા સહિતના દેશો દ્વારા ઘણા પગલા લેવાયા હોવા છતાં આતંકવાદીઓ સક્રિય છે.

## ઈપીએફઓ યોગદાન તરીકે કુલ ૭૯૦૦૦ કરોડ મેળવશે

નવી દિલ્હી,તા. ૨૧

રિટાયરમેન્ટ ફંડ બોડી એમ્પ્લોયઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) માને છે કે વર્ષ ૨૦૧૪-૧૫માં યોદગાન તરીકે ૭૯૦૦૦ કરોડ રૂપિયા મળશે. તેના થાપણમાં ૧૪ ટકાનો વધારો થઈ શકે છે અને આ રકમ વદીને ૭૯૩૭૭ કરોડ સુધી પહોંચી શકે છે. એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ઈપીએફઓની સર્વોચ્ચ નિર્ણય લેતી સમિતી સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી (સીબીટી) દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫માં ૭૯૩૭૭ કરોડના સુધારવામાં આવેલા અંદાજને લીલીઝંડી આપી ચુકી છે. જે દર્શાવે છે કે આમાં ૧૪ ટકાનો વધારો થઈ ગયો છે. ઉપલબ્ધ માહિતીમાં જણાવાયું છે કે ઈપીએફઓને વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન તેના દ્વારા ચલાવવામાં આવતી સામાજિક સુરક્ષા સ્કીમ હેઠળ પાંચ કરોડથી વધારે ગ્રાહકો પાસેથી ઈન્ક્રીમેન્ટલ ડિપોઝિટ તરીકે ૭૧૧૯૫ કરોડ રૂપિયા મળ્યા હતા. જે વર્ષ ૨૦૧૨-૧૩ દરમિાન તેના દ્વારા એકત્રિત કરવામાં આવેલી ૬૧૧૪૩ કરોડની રકમ કરતા ૧૬ ટકા વધારે રકમ છે. આંકડામાં જણાવવામાં આવ્યું છે કે આ નાણાંકીય વર્ષમાં ૭૯૩૭૭ કરોડની મળનાર રકમ પૈકી ૫૯૩૪૬ કરોડની રકમ પ્રોવિડન્ટ ફંડ યોગદાન તરીકેની રહેશે. જ્યારે ૧૯૦૦૦ કરોડની રકમ પેન્સન યોદગાન તરીકેની છે. જ્યારે ૧૦૩૧ કરોડની રકમ કર્મચારીની ડિપોઝીટ લિન્કન્ડ વીમા સ્કીમ યોગદાન તરીકે છે. ઈપીએફઓનો વહીવટી ચાર્જ વર્ષ ૨૦૧૪-૧૫માં ૪૯૦૫ કરોડ રહી શકે છે. જે છેલ્લા નાણાંકીય વર્ષ કરતા ૧૬ ટકા વધારે છે. વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે હજુ સુધી મળેલા યોગદાનના આદાર પર આ અંદાજ મુકવામાં આવ્યો છે. ૧૫૦૦૦ રૂપિયાની માસિક પગાર મર્યાદાના સંબંધમાં આંકડો વધારે હોઈ શકે છે. હાલમાં ઈપીએફઓ છ લાખ કરોડના કદના ફંડને મેનેજ કરે છે. વર્તમાનમાં પીએફ થાપણ પર ૮.૭૫ ટકા વ્યાજની ચુકવણી તેના દ્વારા કરવામાં આવે છે.

**વર્તમાન ગતિને જોતા ટાર્ગેટ હાંસલ નહીં થાય**

## શિશુ મોત દર ઘટાડી દેવાના ટાર્ગેટ સુધી નહીં જ પહોંચાય

નવીદિલ્હી, તા. ૨૧

વર્તમાન ધીમી ગતિતી જો ભારત આગળ વધશે તો વર્ષ ૨૦૧૫ના નવજાત શિશુ મોતના દરને ઘટાડી દેવાના તેના ટાર્ગેટ સુધી પહોંચી શકાશે નહી. યનિસેફના એક વરિષ્ઠ અધિકારીએ આજે આ મુજબનો ઘડાકો કર્યો હતો. અધિકારીએ કહ્યું છે કે વર્ષ ૨૦૧૫ સુધી પ્રતિ ૧૦૦૦ જન્મની સામે મોતના દરને ૩૯થી પણ નીચે લઈ જવા માટે ટાર્ગેટ ભારત ધરાવે છે. સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (એસઆરએસ) મુજબ ભારતમાં વર્તમાન શિશુ મોતનો દર પ્રતિ ૧૦૦૦ જન્મ સામે ૪૦નો છે. આનો મતલબ એ થયો કે જે ૧૦૦૦ શિશુના જન્મ થાય છે તે પૈકી ૪૦ના મોત થઈ જાય છે. જ્યારે પાંચ વર્ષથી નીચે મોતનો દર ૧૦૦૦ જન્મ સામે ૫૨ છે. વર્તમાન ઘટાડીની દરથી આગળ વધવામાં આવે તો વર્ષ ૨૦૧૫ના અંત સુધી બારત પ્રતિ ૧૦૦૦ જન્મ સામે ૩૯થી નીચે તેના ટાર્ગેટને લાવવામાં સફળ રહેશે નહી. યુનિસેફના હેલ્થ સ્પેશિયાલિસ્ટ ગગન ગુપ્તાએ આ મુજબની વાત કરી છે. ભારતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં નવજાત શિશુના મોતના દરને ઘટાડી દેવામાં ઉલ્લેખનીય સફળતા મળી છે પરંતુ તેમાં હજુ ઘટાડો કરવાની જરૂર દેખાઈ રહી છે. આરોગ્યના ક્ષેત્રમાં ઝડપથી આગળ વધવાની જરૂર છે. વૈશ્વિક પતનની સ્થિતી વચ્ચે પગલા લેવામાં આવી રહ્યા છે. વૈશ્વિકરીતે પાંચ વર્ષતચી નીચે મોતના દરને ઘટાડી દેવામાં સફળતા મળી છે. આ દર વર્ષ ૧૯૯૦માં ૧૦૦૦ જન્મ સામે ૯૦ હતો. જે હવે વર્ષ ૨૦૧૩માં ૧૦૦૦ જન્મ સામે ૪૬ હતો. એટવલે કે તેમાં ૪૯ ટકા સુધીનો ઘટાડો થયો છે. જ્યારે ભારતમાં વર્ષ ૧૯૯૦માં આ આંકડો ૧૨૬ હતો જે વર્ષ ૨૦૧૨માં ૫૨ થયો છે.

એટલે કે ભારતમા પાંચ વર્ષની નીચે શિશુના મોતના દરમાં ૫૯ ટકાનો ઘટાડો થયો છે. જે વૈશ્વિક દર કરતા વધુ ઘટાડો છે. દેશમાં ચાર રાજ્યો રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશમાં આંકડો સૌથી વધારે છે. એસઆરએસના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આધ્રપ્રદેશમાં પાંચ વર્ષથી નીચે મોતના દરમાં ૧૭ ટકાનો ઘટાડો થયો છે. રાજસ્થાનમાં ૨૦ ટકાનો ઘટાડો થયો છે.

## બ્યુટી મનીષા કોઇરાલા ફરી કમબેક કરવા માટે સુસજ્જ

મુંબઇ,તા. ૨૧

કેન્સર સામે જોરદાર રીતે જંગ જીતી ચુકેલી અને વિતેલા વર્ષોમાં સ્ટાર અભિનેત્રી તરીકે રહી ચુકેલી મનિષા કોઇરાલા ફરી વાપસી કરવા જઇ રહી છે. મનિષા તેની બોલિવુડની કેરિયરને ફરી આગળ વધારવા માંગે છે. મનિષા કોઇરાલા માને છે કે કમબેકમાં લોકો તેને પસંદ કરશે. નેપાળી અભિનેત્રી તમામ ટોચના કલાકારો સાથે કામ કરી ચુકી ચે. રસપ્રદ બાબત એ છે કે તે તમામ ત્રણેય ખાન સાથે પણ સુપરહિટ ફિલ્મો કરી



ચુકી છે. આમીરકાન સાથે તે બે ફિલ્મોમા કામ કરી ચુકી છે. જ્યારે સલમાન સાથે ખામોશી પણ તે ચમકી હતી. શાહરૂખ સાથે પણ તે દેખાઇ હતી. મનિષાના મનેજેરે કહ્યું છે કે હવે તે બિલકુલ ફિટ અને સ્વસ્થ છે. તે હાલમાં ફિલ્મની પટકથા વાચી રહી છે. જો તમામ બાબતો યોજના મુજબ આગળ વધશે તો ફિલ્મનુ શુટિંગ જાન્યુઆરી ૨૦૧૫માં શરૂ કરી દેવામાં આવશે. પંકજ કપુર પણ ફિલ્મમાં કામ કરશે. મનિષા કોઇરાલા છેલ્લે વર્ષ ૨૦૦૧માં લજ્જા ફિલ્મમાં નજરે પડી હતી. તેની યાદગાર ફિલ્મોમાં ગુપ્ત , અગ્નિસાક્ષી સૌદાગરનો સમાવેશ થાય છે. વર્ષ ૧૯૯૧માં રજૂ થયેલી સૌદાગાર ફિલ્મ સાથે મનિષાએ તેની બોલિવુડ કેરિયર શરૂ કરી હતી. તેની ફિલ્મો જે જોરદાર રહી હતી તેમાં વર્ષ વર્ષ ૧૯૯૫માં આવેલી બોમ્બે, અકલે હમ અકલે તુમનો સમાવેશ થાય છે. દિલ સે તેની ફિલ્મ સપળ રહી હતી. તે સંજય લીલાની ફિલ્મ ખામોશીમાં પણ સફળ રહી હતી.વર્ષ ૨૦૦૦મા તે ટીવી શો સવાલ દસ કરોડ કામાં અનુપમ ખેર સાથે હોસ્ટ તરીકે રહી હતી. વર્ષ ૨૦૦૧માં તે જેકી સાથે ગ્રહણમાં દેખાઇ હતી. તેની છેલ્લી ફિલ્મ મોક્સ હતી જે બોક્સ ઓપિસ પર ફ્લોપ રહી હતી. મનિષા એક વખતે લોકપ્રિયતાની ચરમસીમાં પર પહોંચી હતી.જો કે તે કેન્સરના સકંજામાં આવી જતા મુશ્કેલી સર્જાઇ હતી. તેની કેરિયર આના કારણે અટવાઇ પડી હતી. હવે તે ફરી વદુ આત્મવિશ્વાસ સાથે એન્ટ્રી કરી રહી છે. સંતોષી જેવા મોટા બેનરમાં તે કામ કરી રહી છે.

## બોક્સિંગ ડે ટેસ્ટ મેચ માટે ઓસ્ટ્રેલિયાની ટીમ જાહેર

મેલબોર્ન,તા. ૨૧

મેલબોર્ન ખાતે ૨૬મી ડિસેમ્બરથી શરૂ થઇ રહેલી બોક્સિંગ ડે ટેસ્ટ મેચ માટે આજે ઓસ્ટ્રેલિયાની ટીમ જાહેર કરી દેવામાં આવી હતી. આ ટીમમાં ક્વીન્સલેન્ડના બેટ્સમેન જોઇ બર્ન્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારત પર શ્રેણીમાં ૨-૦ની લીડ મેળવી લીધા બાદ પણ ઓસ્ટ્રેલિયા લડાયક મુડમાં છે. તે ટેસ્ટ શ્રેણી વધુ અંતર સાથે જીતવાની યોજના ધરાવે છે. જોઇ પોતાની કેરિયરની પ્રથમ ટેસ્ટ મેચ રમશે. ઇજાગ્રસ્ત થયેલા મિશેલ માર્શની જગ્યાએ તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. મેલબોર્ન ટેસ્ટ માટે ૧૩ સભ્યોની ટીમ જાહેર કરી દેવામાં આવી છે. જો કે માર્શ ચોથી અને અંતિમ ટેસ્ટમાં સિડની ખાતે રમે તેવી શક્યતા છે. ૨૫ વર્ષીય જોઇએ ક્વીન્સલેન્ડ વતી શેફિલ્ડ શિલ્ડ સિઝનમાં જોરદાર દેખાવ કરીને પસંદગીકારોનુ ધ્યાન ખેંચ્યું હતુ. ચે ૪૬.૯૧ રનની સરેરાશ સાથે છેલ્લી સિઝનમાં રન કર્યા હતા અને આ સિઝનમાં ૫૪.૮૭ રનની સરેરાશ સાથે તે રન કરી રહ્યો છે. પસંદગીકારો ટ્રેવર અને માર્ક વોગે ગાબા મેદાન પર ઝડપી વિકેટ પર શક્તિશાળી ન્યુ સાઉથ વેલ્સ સામે જોઇએ ૧૮૩ રનની ઇનિંગ્સ રમી હતી જે નિહાળી હતી. ઓસ્ટ્રેલિયાના કોચ લેહમને કહ્યું છે કે જોઇ એક કુશળ બેટ્સમેન છે. તે મિડલ ઓર્ડરમાં શાનદાર બેટિંગ કરી રહ્યો છે. તે નંબર ૩, ૪, અથવા તો પાંચ પર બેટિંગ કરી શકશે. જોઇને ત્રીજા નંબર પર મેદાનમાં ઉતારવાની પણ ગણતરી છે. જ્યારે શેન વોટ્સનને છઠ્ઠા ક્રમાંકે બેટિંગ માટે કહેવામાં આવશે. ગાબા મેદાન ખાતે વોટ્સને શાનદાર બોલિંગ કરી હતી અને પોતાની ટીમને જીત અપાવવામાં ભૂમિકા ભજવી હતી જેથી તેની જગ્યાએ અન્ય ઓલરાઉન્ડરની કોઇ જરૂર નથી. રેયાન હેરિસ બોક્સિંગ ડે ટેસ્ટ મેચ પહેલા ફિટ થઇ જાય તેવી શક્યતા દેખાઇ રહી છે. હેરિસ અને સિડલે ગાબામાં નેટમાં પ્રેકટીસ કરી હતી. ભારત પર વધારે દબાણ લાવવા માટેની ગણતરી કરી લેવામાં આવી છે. શરૂઆતની બન્ને ટેસ્ટ મેચ જીત્યા બાદ ભારત પર હવે ભારે દબાણ છે. ભારતીય ટીમમાં કોઇ ફેરફાર કરવામાં આવે છે કે કેમ તેને લઇને ભારે ચર્ચા છે. તમામ ખેલાડી એક સાથે સારો દેખાવ કરી રહ્યા નથી. ઓસ્ટ્રેલિયન ટીમ નીચે મુજબ છે. ઓસ્ટ્રેલિયન ટીમ : ડેવિડ વોર્નર, ક્રિસ રોજર્સ, શેન વોટ્સન, સ્મીવ સ્મીથ(કેપ્ટન), શૌન માર્શ, જોઇ બર્ન્સ, બ્રાડ હેડિન, મિશેલ જોન્સન, મિશેલ સ્ટાર્ક, રેયાન હેરિસ, પીટર સિડલ, નેથાન લિયોન, જોશ હેઝલવુડ



ગોરેગાંવ ખાતે યોજાયેલ રન ફોર કીડસ સેફટી હાફ મેરેથોનમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.